# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ગોધરામાં પોલીસ કર્મચારી પત્ની પર ખૂની હુમલો કરી મોબાઈલ બંધ કરી લાપતા બનેલા પતિનો લોહીલુહાણ હાલતમાં ભેદી અંત

# સેવાલિયાના પાલી પાસે સ્મશાનમાં યુવકની હત્યા!

**બાવળના ઝાડ** પર લાશ લટકાવી આત્મહત્યામાં ખપાવવાનો ખેલ નિષ્ફળ

**માથાના ભાગે તીક્ષ્ણ** હથિયારના ઘા મળતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

સેવાલિયા પોલીસ મથકની હદમાં પાલી ગામ નજીક મહિસાગર નદીના કિનારે આવેલા વણજાર સ્મશાનમાંથી એક યુવાનનો હત્યા કરાયેલો મૃતદેહ ઝાડ પર લટકતી હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતક યુવાન પત્ની પર જીવલેણ હુમલો કરીને ફરાર થયો હતો. અજાણ્યા શખ્સોએ યુવાનને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યા બાદ, આ હત્યાને આત્મહત્યામાં ખપાવવા અને પુરાવાનો નાશ કરવા માટે લાશને સ્મશાનમાં લટકાવી દીધી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામે રહેતા જયપાલસિંહ ઝાલાના મોટા ભાઈ મહિપાલસિંહ ઝાલાનો મૃતદેહ સેવાલિયા નજીક પાલી ગામના વણજાર સ્મશાનમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. સ્મશાનમાં બાવળના ઝાડની ડાળી પર ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ હોવાની જાણ થતા જ સેવાલિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકના ભાઈએ સ્થળ પર પહોંચી લાશની ઓળખ કરી હતી. જો કે, મૃતકના માથાના ભાગે કોઈ તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા હતા તેમજ તેના શરીર અને કપડાં પર લોહીના ડાઘ હોવાથી આ બનાવ આત્મહત્યાનો નહીં પરંતુ ઘાતકી હત્યાનો હોવાનું સ્પષ્ટ થયું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધીને હત્યારાઓને ઝડપી લેવા અલગ-અલગ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



આ સમગ્ર ઘટના પાછળ પારિવારિક કંકાસ કારણભૂત હોવાનું બહાર આવ્યું છે. મૃતક મહિપાલસિંહ ઝાલાના પત્ની મીનાબેન પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. આ દંપતી વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. ગત ૧૭મી અને ૧૮મી ઓગસ્ટની મધ્યરાત્રિએ મહિપાલસિંહે ઘરકંકાસમાં ઉશ્કેરાઈને પોતાની પત્ની પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ મહિલા પોલીસકર્મીને વધુ સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ મહિપાલસિંહ પોતાનો મોબાઈલ ફોન બંધ કરીને પોલીસ પકડથી બચવા લાપતા બની ગયો હતો.

આ સમગ્ર ઘટનાની તપાસ દરમિયાન કેટલાક સીસીટીવી ફુટેજ ધ્યાનમાં આવ્યાં છે. જેમાં મહિપાલસિંહ એક્ટિવા પર જઇ રહ્યો હોવાનું જોવા મળ્યું છે. જે ઘટનાથી એક કિલોમીટર જ દુર છે. આથી, તેમની હત્યા નજીકમાં જ થઇ હોવાની શંકા ઉપજી છે. જોકે, પોલીસને હજુ એક્ટિવા મળ્યું નથી. આથી, પોલીસે એક્ટિવાની પણ શોધખોળ માટે કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાથી પંથકમાં ચકચાર મચી ગઈ છે.

**પોલીસ માટે તપાસનો મોટો પડકાર**

હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી મહિલા પોલીસકર્મી પર હુમલો કરનાર પતિની જ કોઈકે નિર્મમ હત્યા કરી નાખી છે. આ હત્યા પાછળ કોઈ અંગત અદાવત કામ કરી ગઈ છે કે પછી પત્ની પર થયેલા હુમલાનો કોઈએ બદલો લીધો છે? તે દિશામાં પોલીસે તપાસના તાર મેળવવાનું શરૂ કર્યું છે.

**પુરાવાનો નાશ કરવા લાશને લટકાવી દીધી**

દરમિયાન, ૧૯મી ઓગસ્ટના રોજ સાંજે ગોધરા પોલીસ મારફતે પરિવારને સેવાલિયા નજીકથી એક અજાણી લાશ મળી હોવાની માહિતી આપવામાં આવી હતી. કોઈ અજાણ્યા શખ્સોએ મહિપાલસિંહને માથાના ભાગે સખત ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યા બાદ ગુનાના પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી તેની લાશને સ્મશાનમાં ઝાડ પર દોરડા વડે લટકાવી દીધી હોવાની ફરિયાદ મૃતકના નાના ભાઈએ સેવાલિયા પોલીસ મથકે નોંધાવી છે.

**લગ્નજીવનનો લોહિયાળ અંત**

મૃતક મહિપાલસિંહ અને મીનાબેન વર્ષ ૨૦૧૨માં લગ્નગ્રંથિથી જોડાયા હતા. લગ્નના ૧૪ વર્ષ બાદ પણ આ દંપતી વચ્ચે છેલ્લા ઘણા સમયથી તીવ્ર ગૃહકંકાસ ચાલતો હતો. પત્ની પર ખૂની હુમલો કર્યા બાદ ગણતરીના કલાકોમાં જ પતિનો પણ ભેદી સંજોગોમાં લોહીલુહાણ મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અનેક તર્કવિતર્કો સર્જાયા છે.

---

# વિદ્યાનગરમાં હાઈપ્રોફાઈલ અડ્ડા પર ૯ નબીરા પકડાયાં

**ઇસ્કોન ચાર રસ્તા** પાસે આવેલા 'શ્યામ આર્કેડ'માં ઓચિંતો દરોડો પાડી રૂ. ૪.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૦

વલ્લભ વિદ્યાનગરમાં ઈસ્કોન ચાર રસ્તા પાસે આવેલા એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ધમધમતા હાઈપ્રોફાઈલ જુગારના અડ્ડા પર વિદ્યાનગર પોલીસે દરોડો પાડીને ૯ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે.

વિદ્યાનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે નાયબ પોલીસ અધિક્ષકનું સર્ચ વોરંટ મેળવ્યું હતું. પોલીસે પંચો સાથે ઈસ્કોન ચાર રસ્તા પાસે આવેલા 'શ્યામ આર્કેડ'ની દુકાન નં. એફ-૧ માં ઓચિંતો દરોડો પાડ્યો હતો, જ્યાં કરમસદનો જિજ્ઞેશ ઘનશ્યામભાઈ પટેલ બહારથી માણસો બોલાવી ગોળ કુંડાળું વળી પત્તા-પાનાનો હારજીતનો જુગાર રમાડતો હતો.

આ દરોડામાં પોલીસે જિજ્ઞેશ ઘનશ્યામભાઈ પટેલ (રહે. કરમસદ), નિલેશ રાવજીભાઈ પટેલ (રહે. નાર), મિથુન વસંતભાઈ પટેલ (રહે. વિધાનગર), દિપેન ચીમનભાઈ પટેલ (રહે. કરમસદ), સુરેશ ભીમજીભાઈ પટેલ (રહે. બાકરોલ), નિલેશકુમાર ભરતભાઈ પટેલ (રહે. નડિયાદ), દક્ષેશકુમાર કિરીટભાઈ પટેલ (રહે. નાર), ભાવિકકુમાર બિપીનભાઈ પટેલ (રહે. નાર), હિંમતભાઈ રાયસીંગભાઈ પરમાર (રહે. કરમસદ)ને પકડી પાડ્યાં હતાં. આ તમામ પાસેથી પોલીસે રોકડ, મોબાઈલ, સહિત કુલ રૂ. ૪,૪૮,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

---

### ખેડા જિલ્લામાં હોટલો, રેસ્ટોરન્ટો અને ગર્લ્સ હોસ્ટેલ પર ફૂડ વિભાગના ત્રાટકતા દરોડા

# નડિયાદ શહેરમાં ગંદકી દેખાતાં ૨ રેસ્ટોરન્ટ અને ૧ ગર્લ્સ હોસ્ટેલ સીલ

**ફુડ વિભાગની સઘન** તપાસમાં ધોળકા હાઇવેની ૩ હોટલ પર ગંદકી દેખાતા કાર્યવાહી

**૨૦ કિલો** બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરાયો



(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૦

ખેડા જિલ્લાના નાગરિકોને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્યચીજો મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ અને હોસ્ટેલોમાં સઘન તપાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન ગંદકી અને બિનઆરોગ્યપ્રદ ખોરાક પીરસતા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમને તત્કાલ બંધ કરાવવામાં આવ્યા છે.

આ ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૫ જેટલી રેસ્ટોરન્ટોની તપાસ કરવામાં આવી છે. ખેડા તાલુકાના ધોળકા હાઈવે પર આવેલી હોટલોની તપાસ દરમિયાન ૩ હોટલોમાં ભારે અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ ખોરાક મળી આવ્યો હતો. જેના પગલે આશરે રૂ. ૨,૫૦૦ની કિંમતના ૧૨ કિલો અયોગ્ય ખાદ્ય જથ્થાનો નાશ કરી આ એકમો બંધ કરાયા છે

આ ઉપરાંત, નડિયાદ મહાનગરપાલિકા સામે આવેલી ૨ રેસ્ટોરન્ટમાં પણ ગંદકી અને બિનઆરોગ્યપ્રદ ખોરાક જણાતા તેને તાળાં મારી દેવાયાં છે. જ્યારે કોલેજ રોડ પર આવેલી ૫ ખાનગી હોસ્ટેલોમાં ઓચિંતું ચેકિંગ હાથ ધરાયું હતું. જેમાં 'પ્રાઈમ ગર્લ્સ હોસ્ટેલ'માં અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ ખોરાક મળી આવતાં શંકાના આધારે ખોરાકના ૩ નમૂના લેવાયા છે. તેમજ અંદાજે રૂ. ૨,૧૦૦ની કિંમતના ૮ કિલો જથ્થાનો નાશ કરી આ ગર્લ્સ હોસ્ટેલ પણ બંધ કરાવી દેવામાં આવી છે.

નડિયાદમાં ફુડ વિભાગની કાર્યવાહીના પગલે હોટલ સંચાલકોમાં ફફડાટની લાગણી ફેલાઈ છે.

---

# ખેડાસાની ગ્રામસભામાં ક્રિકેટ ગ્રાઉન્ડ મુદ્દે હોબાળો

**પંચાયત** કચેરીમાં તોડફોડ કરનારા શખ્સ સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) બોરસદ તા. ૨૦

બોરસદ તાલુકાના ખેડાસા ગામમાં સ્વાતંત્ય દિને આયોજિત ગ્રામસભામાં ક્રિકેટ ગ્રાઉન્ડના પ્રશ્ને હોબાળો મચાવ્યા બાદ, તલાટીની ગેરહાજરીમાં પંચાયત ભવનમાં ઘૂસી સરકારી મિલકતને નુકસાન પહોંચાડનાર સ્થાનિક શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ખેડાસા તથા ધનાવશી પંચાયતના તલાટી-કમ-મંત્રી ફૈઝાન બિસ્મીલ્લાહભાઈ મીરે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ખેડાસા ગામે સરપંચ અને સભ્યોની હાજરીમાં ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં ગામના જ જગદીશ દિલીપભાઈ સોલંકી નામના શખ્સે ક્રિકેટ ગ્રાઉન્ડ બાબતે ઉગ્ર રજૂઆત કરી હોબાળો મચાવ્યો હતો. જોકે, સરપંચ અને પંચાયતના સભ્યોએ તેને સમજાવી શાંત પાડ્યો હતો.

બાદમાં તલાટી બાજુના ધનાવશી ગામમાં યોજાયેલી અન્ય ગ્રામસભામાં હાજરી આપવા માટે બપોરે દોઢ વાગ્યાની આસપાસ રવાના થયા હતા. આ દરમિયાન ખેડાસા પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ફોન પર માહિતી મળી હતી કે, જગદીશ સોલંકીએ નશાની હાલતમાં પંચાયત કચેરીમાં પ્રવેશ કરી તોડફોડ મચાવી છે. પંચાયતની સરકારી ખુરશીઓ અને ઈલેક્ટ્રોનિક મીટરને નુકસાન પહોંચાડી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ ઘટના અંગે ભાદરણ પોલીસે જગદીશ સોલંકી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

### ગામના અન્ય બે બંધ મકાનોમાં પણ ચોરીનો નિષ્ફળ પ્રયાસ

# મહેમદાવાદના રૂદણ ગામમાં ૧૦.૪૩ લાખની ઘરફોડ થઈ

**પરિવાર નડિયાદ ગયો** હોવાની તક ઝડપી તસ્કરોએ તિજોરીના લોકરો તોડ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૦

મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામે રામજી મંદિરવાળા ફળિયામાં અજાણ્યા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાન માલિક પોતાના પરિવાર સાથે નડિયાદ ગયા હોવાની તકનો લાભ લઈ તસ્કરોએ તાળા તોડી, ઘરની તિજોરીઓમાંથી રૂ. ૭.૩૬ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રૂ. ૩.૦૭ લાખની રોકડ રકમ મળી કુલ રૂ. ૧૦.૪૩ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા છે. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નડિયાદ ખાતે પરિવાર સાથે રહેતા અને કેનાલ નજીક હોટલ ચલાવતા કેતુલ પટેલનું મૂળ વતન રૂદણ ગામે આવેલું છે. આ ઘટનાના દિવસે સાંજે તેઓ પોતાના ઘરેથી નડિયાદ ગયા હતા. તે જ રાત્રિના ૮:૩૦ થી વહેલી સવારના ૩:૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન તસ્કરોએ બંધ મકાનની જાળીનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ પાછળના રૂમમાં રાખેલી ૩ લોખંડની તિજોરીઓના દરવાજા તેમજ લોકર તોડી નાખ્યા હતા. તિજોરીમાંથી સોનાની રુદ્રાક્ષની માળા, દોરો, પેન્ડલ, મંગળસૂત્ર અને બંગડીઓ સહિત કુલ રૂ. ૭.૩૬ લાખના દાગીના તેમજ વાહન વેચાણ અને બચતના રૂ. ૩.૦૭ લાખ રોકડા ચોરી કરી અજાણ્યા શખ્સો રાતોરાત ફરાર થઈ ગયા હતાં.

આ ચોરી અંગે વહેલી સવારે પાડોશીએ ઘરનો નકુચો તૂટેલો જોઈ મકાન માલિકને જાણ કરી હતી, જેથી તેઓ સત્વરે રૂદણ દોડી આવ્યા હતા. પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, તસ્કરોએ ગામના અન્ય બે બંધ મકાનોના તાળા તોડી ત્યાં પણ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર બનાવ અંગે મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી અજાણ્યા ચોરોને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

# કઠલાલમાં શંકાશીલ પતિએ પત્નીને અસહ્ય ત્રાસ આપ્યો

**ખોખરવાડાના પતિ,** સાસુ અને સસરા સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૦

કઠલાલ તાલુકાના ખોખરવાડા ગામે સાસરિયાઓ દ્વારા પરિણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે પોલીસે ગુનો નોંધ્યો હતો.

મૂળ ખોખરવાડાના અને હાલ માતર તાલુકાના સંધાણા ગામે રહેતા યાસ્મીનબાનુના લગ્ન વર્ષ ૨૦૧૯માં ખોખરવાડાના સરવરહુસેન ખોખર સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. આ લગ્નના થોડા સમય બાદ સાસરિયાઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પતિ સરવરહુસેન કોઈ કામધંધો કરતો ન હતો અને પત્ની પર ખોટી શંકા રાખી અવારનવાર ઝઘડા કરી શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. એટલું જ નહીં, પતિ વારંવાર છૂટાછેડા આપી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપતો હતો.

આ બાબતે સાસુ મદીનાબીબી અને સસરા શબ્બીરહુસેનને જણાવવા છતાં તેઓ દીકરાનો જ પક્ષ લેતા હતા અને સસરા પણ વહુને ઘરમાં ન આવવા અને મોબાઈલ વાપરવા બાબતે મેણાં મારતા હતા. ગત ફેબ્રુઆરી ૨૦૨૬માં નાના દીકરાના પ્રસંગે પતિએ મારઝૂડ કરતા પરિણીતા પોતાના મામાના ઘરે રહેવા જતા રહ્યા હતા. લાંબા સમય સુધી સાસરી પક્ષમાંથી કોઈ ખબરઅંતર પૂછવા ન આવતા અને સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતા આખરે પરિણીતાએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે. આ અંગે પોલીસે સરવરહુસેન શબ્બીરહુસેન ખોખર (પતિ), મદીનાબીબી (સાસુ), અને શબ્બીરહુસેન ખોખર (સસરા) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

### અમદાવાદના 'છોટું'ને બેન્ક કીટ મોકલી કમિશન મેળવતા હતાં

# લોકોના બેન્ક ખાતા વેચી પોતાના ખિસ્સા ભરતાં ૪ શખસ પકડાયાં

**ભોળા ગ્રામજનોને** પૈસાની લાલચ આપી ખોલાવતા ખાતા હતા

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૦

આણંદ સાયબર ક્રાઈમ પોલીસે બાતમીના આધારે સામરખા ચોકડી નજીક ગામડી બ્રિજ નીચેથી સાયબર ફ્રોડ આચરતી આંતરરાજ્ય ગેંગના ૪ સાગરીતોને બેન્ક કીટોની લે-વેચ કરતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ ગેંગ દેશભરમાં નિર્દોષ નાગરિકો સાથે કરોડો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરતી સાયબર માફિયા ટોળકીને બેન્ક ખાતાઓ પૂરા પાડતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ આરોપીઓ ગ્રામીણ વિસ્તારના ગરીબ અને ભોળા લોકોને પૈસાની લાલચ આપીને તેમના નામે વિવિધ બેન્કોમાં ખાતા ખોલાવતા હતા.

આ ખાતું ખૂલ્યા બાદ તેઓ ગ્રાહકો પાસેથી પાસબુક, ચેકબુક અને સિમકાર્ડ મેળવી લેતા હતા અને આ આખી 'બેન્ક કીટ' અમદાવાદના મુખ્ય સૂત્રધાર સિપાઈ અબ્દુલ્લા ઉર્ફે છોટુંને મોકલી આપી કમિશન મેળવતા હતા. પોલીસે ધરપકડ કરેલા તોસીફ ઈકબાલભાઈ ખલીફા (રહે. સુરેલી, ઉમરેઠ), જાવર હબીબખાન પઠાણ (રહે. સુરેલી, ઉમરેઠ), મહેશ દાઉદભાઈ ખ્રિસ્તી (રહે. સુંદલપુરા, ઉમરેઠ) અને મહંમદ ઝુબેર ફારૂકભાઈ વ્હોરા (રહે. બોરસદ) નો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસમાં ખાતેદારને પાંચ હજાર આપતાં હતાં અને આ ચારેય ગઠિયાએ રૂ.15 હજારથી 20 હજાર જેવું કમિશન લેતા હોવાનું ખુલ્યું છે.

**૬ રાજ્યોના સાયબર ગુનાઓ સાથે લિંક**

પોલીસને તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલમાંથી મળેલા બેન્ક ખાતાઓ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, કેરળ, કર્ણાટક અને તેલંગાણા સહિતના રાજ્યોમાં નોંધાયેલી અનેક સાયબર ગુનાઓની ફરિયાદો સાથે લિંક હોવાનું ખુલ્યું છે. પોલીસે હાલમાં ૪ મોબાઈલ, ૫ પાસબુક, ૪ સિમકાર્ડ અને ચેકબુક કબજે કરી તપાસ હાથ ધરી છે.

---

# કરમસદ હોસ્પિટલમાં અધૂરા મહિને જન્મેલા માસૂમને નવજીવન મળ્યું

**શારીરિક** ખામીઓ અને ન્યુમોનિયા સામે 6 મહિનાનું શિશુ જંગ જીત્યું

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૦

કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ભાઈકાકા યુનિવર્સિટીના બાળરોગ વિભાગે અદ્યતન પીડિયાટ્રિક ક્રિટિકલ કેર અને વિવિધ વિભાગોના નિષ્ણાતોની સંયુક્ત સારવાર પદ્ધતિ દ્વારા તબીબી જગતમાં એક ઉત્કૃષ્ટ સફળતા હાંસલ કરી છે. ભુજથી અત્યંત ગંભીર અને નાજુક સ્થિતિમાં લાવવામાં આવેલા 6 મહિનાના શિશુને નવું જીવન આપીને તબીબોએ આધુનિક તબીબી સેવાઓનો શ્રેષ્ઠ નમૂનો પૂરો પાડ્યો છે.

ભુજ ખાતે ગર્ભધારણના માત્ર 28 અઠવાડિયામાં જ (અધૂરા માસે) શિશુનો જન્મ થઈ ગયો હતો અને જન્મ સમયે તેનું વજન માત્ર 970 ગ્રામ હતું. સમય પહેલાં જન્મ થવાને કારણે બાળકના ફેફસાં વિકસિત થયા ન હતા અને તેમાં ગંભીર ચેપ હતો, જેના લીધે તેનો શ્વાસ વારંવાર અટકી જતો હતો. આ ઉપરાંત, શિશુના આંખ અને મગજનો વિકાસ ઓછો થયો હતો તેમજ તેના ચહેરા અને ખોપરીના હાડકાંનો આકાર અસામાન્ય હોવાથી શ્વાસ લેવો અને ખોરાક ગળવો પણ અત્યંત કઠિન બન્યો હતો.




આટલી ગંભીર સ્થિતિ વચ્ચે શિશુને લાંબા સમય સુધી હોસ્પિટલના પીડિયાટ્રિક ઈન્ટેન્સિવ કેર યુનિટમાં રાખીને વેન્ટિલેટર સપોર્ટ, અત્યાધુનિક શ્વસન સારવાર, ભારે દવાઓ અને વિશેષ ન્યુટ્રિશ્યન સપોર્ટ આપવામાં આવ્યો હતો. મધ્યમ કે ગરીબ પરિવાર માટે આવી મોંઘી સારવાર આશીર્વાદરૂપ સાબિત થઈ, કારણ કે આ સમગ્ર સારવાર આયુષ્માન ભારત યોજના હેઠળ બિલકુલ નિ:શુલ્ક પૂરી પાડવામાં આવી હતી.

**એસ્પિરેશન ન્યુમોનિયા સામે પણ જંગ જીત્યો**

સારવાર દરમિયાન એક સમયે શિશુને ખોરાક ગળતી વખતે શ્વાસનળીમાં ખોરાક જતો રહેવાની ગંભીર સમસ્યા (એસ્પિરેશન ન્યુમોનિયા) થઈ હતી, જેના કારણે તેને ફરીથી વેન્ટિલેટર પર રાખવો પડ્યો હતો. પરંતુ શ્રીકૃષ્ણ હોસ્પિટલના તબીબોની અથાણ મહેનત અને સમયસરના બહુવિભાગીય સંકલિત પ્રયાસોને લીધે બાળક આ મુશ્કેલીમાંથી પણ હેમખેમ બહાર આવી ગયું છે અને સંપૂર્ણ સ્વસ્થ થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225